ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ००૧. ફોન નં.(०૨૮૩૨) ૨૩૫००૨ ફેકસઃ ૨૩૫०૧૨

E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./E C.-Minuets 10 th March.'15 / ૨०૧૪-૧૫/ 206 to 217 તા.૨૦/०૩/'૧૫

પ્રતિ,
પ્રો.ડૉ. શ્રી બી.એસ.પટેલ.
માનનીય કાર્યકારી કુલપતિશ્રી,
ડીનશ્રી, શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખા તથા
અધ્યક્ષશ્રી અને પ્રોફેસર, શિક્ષણશાસ્ત્ર ભવન ,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

**વિષય :** ગત તારીખ ૧૦મી માર્ચ.' ૨૦૧૫નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૧૦મી માર્ચ.'૨૦૧૫**ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

## તારીખ ૧૦મી માર્ચ ૨૦૧૫નાં રોજ બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૧૦મી માર્ચ ૨૦૧૫ને મંગળવારનાં બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ બેઠક માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબનાં સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકાર સાથે આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| પ્રો.ડા. શ્રી બી.એસ.પટેલ —અધ્યક્ષશ્રી<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી,<br>ડીનશ્રી, શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખા,કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડ્રાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડા.શ્રી એમ.જી.ઠક્કર —સભ્યશ્રી<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી —સભ્યશ્રી<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | ગેર હાજર |
| શ્રી ત્રિકમભાઈ બી. છાંગા —સભ્યશ્રી<br>કોર્ટ સભ્યશ્રી અને પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા પંચાયત, ભુજ. | હાજર |
| શ્રી હરિસંગ ઘનુભા જાડેજા —સભ્યશ્રી<br>કોર્ટ સભ્યશ્રી અને નોંધાયેલ સ્નાતક, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| શ્રી ડૉ.એસ.જી.ધર્માણી —સભ્યશ્રી<br>આચાર્યશ્રી,તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,આદિપુર– કચ્છ. | હાજર |
| પ્રો.ડૉ.શ્રી પી. એન.દવે —સભ્યશ્રી<br>પ્રોફેસર,રસાયણશાસ્ત્ર ભવન,કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ. | હાજર |
| ડૉ. શ્રી એસ.એલ.ભંડારી —સભ્યશ્રી<br>રીડર,અર્થએન્ડએન્વા સાયન્સ ભવન,કે.એસ.કે.વીકચ્છ યુનિવર્સિટી, ભુજ | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ–કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ –કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એમ.જી.ઠક્કર — સેક્રેટરી<br>( કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :

પાના નંબર : ૨ : પર ચાલુ..

ગત સભાની મિનિટ્સનું વાચન કરવામાં આવ્યુ તેમા નીચેના સુધારા કરવા

૧. **કાર્યસૂચિ ક્રમાંક : ૯ :** એકડેમિક કાઉન્સિલે ભલામણ કરેલ કોલેજો અને વિષયોના નવા/ચાલુ/કાયમી/વધારાના જોડાણ બાબત અન્વયે થયેલ ઠરાવ : ૯ અંતર્ગત, યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસક્રમોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે મળવાપાત્ર જોડાણ જાહેરનામા સંબંધે શિક્ષણ વિભાગ,ગુજરાત સરકારશ્રીને દરખાસ્તો રજૂ કરવા માટે માનનીય કાયકારી કુલપતિશ્રીને સતા આપવામાં આવેલ હતી, જેમાં શરત ચૂકથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ લખવાનું રહી ગયેલ હતું, જે આથી ઉમેરીને "શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માટે મળવાપાત્ર......" એમ વંચાણે લેવા રજૂઆત થઈ જે સર્વાનુમતે સ્વીકારવામાં આવી.

૨. પૃ.૪ ઉપર M.D. ( Obstract and Gynecology) છે તેમા M.D.ની જગ્યાએ M.S. લખવું.તથા M.D.( Physiology) માં સ્પેલિંગ ભુલ સુધારીને M.D. ( Physiology) લખવાનું નકકી કરવામાં આવ્યુ.

**<u>ઠરાવ : ૧ :</u> ગત તારીખ ૧૦મી માર્ચ ૨૦૧૫ના રોજની સભાની મિનિટ્સ નોંધ અન્વયે ઉકત સુધારા કરીને અન્ય કાર્યવાહી નોંધને બહાલ રાખવામાં આવે છે.**

૨. **કોન્વોકેશન તા.૪–૨–૨૦૧૫માં થયેલ ખર્ચ બહાલ રાખવા બાબત :**

યુનિવર્સિટીનો પાંચમો પદવીદાન સમારંભ યોજાયો. જરૂરી સુવિધાઓ ઉભી કરવા માટે હાઈ પાવર કમિટિની મદદ લઈને નિર્ણયો લઈને કરવામા આવેલ કામગીરીમા થયેલ ખર્ચ મંજૂર રાખવા બાબતે થયેલ ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u> પાંચમા કોનવોકેશનમા થયેલ ખર્ચ રૂા.૫,૮૧,૧૦૬ને બહાલી આપવામા આવે છે.**

૩. **તા.૨૩/૧૨/૧૪ના રોજની પરીક્ષા શુધ્ધિ સમિતિના અહેવાલને બહાલી આપવા તથા નવી પરીક્ષા શુધ્ધિ સમિતિની રચના કરવા બાબત :**

તા.૨૩/૧૨/૧૪ના રોજની પરીક્ષા શુધ્ધિ સમિતિ મળેલ તેણે કરેલ નિર્ણયોનું બહાર પાડેલ જાહેરનામુ જાણ કરવા તથા ઓકટો–ડિસે–૧૪મા લેવાયેલ પરીક્ષામા થયેલ પરીક્ષા વિષયક ગેરરીતિઓ કે અશિસ્ત અંગે નિર્ણય આપવા પરીક્ષા શુધ્ધિ સમિતિની રચના કરવા બાબત ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

પાના નંબર : ૩ : પર ચાલુ..

**ઠરાવ : ૩ :** તા.૨૩/૧૨/૧૪ના રોજની પરીક્ષા શુધ્ધિ સમિતિની ભલામણો બહાલ રાખવામાં આવે છે તથા તેનું ૦૫–૦૧–૨૦૧૫નું જાહેરનામુ પ્રથમ ફકરામાં લખેલ ઈ.સી.મિટિંગમાં મળેલ બહાલી અન્વયે લખેલ છે તે જગ્યાએ આગામી ઈ.સી.મિટિંગની બહાલીની અપેક્ષાએ લખીને બહાલ રાખવામાં આવે છે તથા ઓકટો–ડીસે.૨૦૧૪ની પરીક્ષામાં નોંધાયેલ ગેરરિતિ અને અશિસ્તના કેસ પર શિક્ષા સંબંધિત નિર્ણયો માટે પરીક્ષા માટેની સ્પેશીયલ કમિટિની રચના કરવામાં આવી તેના સભ્યો નીચે મુજબ છે.
(૧) ડૉ. સુશીલ ધર્માણી ચેરમેન (૨) ડૉ.દર્શના ધોળકિયા સભ્ય (૩)ડૉ.એલ.વી.ફફલ સભ્ય
(૪) ડૉ. પી.એસ.હિરાણી સભ્ય (૫) ડૉ. પી.એન. દવે સભ્ય

૪. **B.Voc.અંગે કોલેજે રજૂ કરેલ કોમ્પ્લીયન્સ રીપોર્ટ ધ્યાને લઈ માન્યતાનો નિર્ણય કરવા બાબત :**

B.Voc. માટે નિમેલ સમિતિએ દર્શાવેલ અપૂર્તતાઓને કોલેજે આપેલ કોમ્પ્લાયન્સ રીપોર્ટ ધ્યાને લઈ તે અંગે ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૪ :** તોલાણી કોમર્સ કોલેજમાં UGC એ મંજૂર કરેલ B.Voc કોર્સને જોડાણ આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૫. **ફીક્સ વેતનથી કામ કરતા કર્મચારીઓના વેતન વધારા સમિતિનો અહેવાલ વંચાણે લઈ નિર્ણય લેવા બાબત :**

EC ની તા. ૨૬–૦૮–૨૦૧૪ના ઠરાવ –૯થી રચેલી સમિતિની ફીકસ વેતનથી કામ કરનારા કર્મચારીઓના વેતન વધારવા ભલામણો માટે રચેલ સમિતિના અહેવાલ બાબતે ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૫ :** ફીકસ વેતનથી કામ કરતા કર્મચારીઓની વેતન વધારા સમિતિએ આપેલ અહેવાલનો પ્રસ્તાવ –૨ સ્વીકાર કરી તે મુજબનો લાભ ૦૧ જાન્યુઆરી ૨૦૧૫થી અમલ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. સમિતિની નીચે મુજબ ભલામણો સ્વીકારવામાં આવેલ છે.

| Sr. No. | Designation | Monthly Salary as on October 2014. | Additional Salary w.e.f. 1.1.15 | Total Rs. |
|---|---|---|---|---|
| 1 | Librarian | 25242 | 3000 | 28242 |
| 2 | Admin Manager | 13004 | 3000 | 16000 |
| 3 | Asst. Engineer | 12000 | 3000 | 15000 |
| 4 | Lab. Asst. | 8851 | 3000 | 11851 |
| 5 | Jr. Clerk | 8087 | 2600 | 10687 |
| 6 | Jr. Clerk | 8073 | 2600 | 10673 |
| 7 | Jr. Clerk | 7622 | 2600 | 10222 |
| 8 | Jr. Clerk | 7426 | 2600 | 10026 |
| 9 | Driver | 8073 | 2700 | 10773 |
| 10 | Driver | 8061 | 2700 | 10761 |
| 11 | Driver | 7400 | 2500 | 9900 |
| 12 | Peon | 5683 | 2200 | 7883 |
| 13 | Peon | 5672 | 2200 | 7872 |
| 14 | Hostel Warden | 7000 | 2000 | 9000 |

પાના નંબર : ૪ : પર ચાલુ..

| Sr. No. | Designation | Monthly Salary as on October 2014. | Additional Salary w.e.f. 1.1.15 | Total Rs. |
|---|---|---|---|---|
| 1 | Lecturer | 18000 | 3000 | 21000 |
| 2 | Lecturer | 19096 | 3000 | 22096 |
| 3 | Lecturer | 22947 | 3000 | 25947 |
| 4 | Lecturer | 21630 | 3000 | 24630 |
| 5 | Programmer | 10500 | 2500 | 13000 |
| 6 | Programmer | 11139 | 2500 | 13639 |
| 7 | Programmer | 11473 | 2500 | 13973 |

**૬. ગત વર્ષના કોનવોકેશન ફેબ્રુઆરી ૨૦૧૪નાં બાકી બીલ ચૂકવવા તેની મંજૂરી બાબત :**

ગત વર્ષના ચોથા કોનવોકેશનનુ ડોમ–મંડપ વગેરેનુ બીલ બાકી હતુ તે ચૂકવવામા આવ્યુ છે તેની જાણ કરવા બાબત અંગેની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૬:** ચોથો કોન્વોકેશન ફેબ્રુઆરી ૨૦૧૪માં યોજાયેલ તેનુ ડોમ અને મંડપનું બીલ રૂ. ૨,૮૪,૫૦૦નું બાકી હતું તે ચૂકવ્યુ તેને મંજૂર રાખવામાં આવે છે.

**૭. નવી કોલેજો શરૂ કરવાની અરજીઓ અંગે આગળની કાર્યવાહી કરવા બાબત :**

વર્ષ ૨૦૧૫–૧૬થી શરૂ કરવાની કોલેજોની મળેલ દરખાસ્તો નિર્ણય માટેની કાર્યવાહી કરવા બાબત અંગેની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૭ :** શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી સ્વનિર્ભરતાના ધોરણે નવી કોલેજો નવા વર્ગો અને નવા અભ્યાસક્રમો શરૂ કરવા સંબંધે મળેલ અરજીઓ અનુસંધાને સ્થાનિક તપાસ સમિતિની નિમણૂક કરી આગળની કાર્યવાહી હાથ ધરવા કાર્યકારી કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

**૮. બેંક માટેનુ મકાન બનાવવાનું કામ આગળ વધારવા બાબત :**

યુનિવર્સિટી કેમ્પસમાં બેંકનુ મકાન બનાવવા માટેની કાર્યવાહી વિશેની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૮ :** બેંક માટેનું મકાન બનાવવા માટે જરૂરી કાર્યવાહી શરૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**૯. મંજૂર જગ્યાઓ માટેની જાહેરાત આપી પસંદગી અને નિમણૂકની કાર્યવાહી શરૂ કરવા બાબત :**

સરકારશ્રીની મંજૂરી મેળવીને જગ્યાઓ ભરવા અંગની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

પાના નંબર : ૫ : પર ચાલુ..

**ઠરાવ : ૯ :** યુનિવર્સિટીના કર્મચારીઓની મંજૂર જગ્યાઓ ભરવા માટે રાજયના શિક્ષણ વિભાગની અનુમતિ મેળવીને આગળની કાર્યવાહી કરવી.

Krantiguru Shyamji Krishnavarma Kutch University Kutch 370001

૧૦. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...

(૧) લાયબ્રેરી કમિટિની રચના :

**ઠરાવ : ૧૦ :** નીચે મુજબની લાયબ્રેરી કમિટિની સર્વાનુમતે રચના કરવામા આવી.

| ક્રમ | સભ્યશ્રીઓના નામ |
|---|---|
| ૧ | ડૉ.બી.એસ.પટેલ, વી.સી.શ્રી, અધ્યક્ષશ્રી, લાયબ્રેરી એડવાઈઝરી કમિટિ |
| ૨ | ડૉ.બી.એસ.પટેલ, ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા/અધ્યક્ષશ્રી |
| ૩ | ડૉ. કે.એમ.ત્રિવેદી, ડીનશ્રી,વિનયન વિદ્યાશાખા/અધ્યક્ષશ્રી |
| ૪ | ડૉ. પી.એસ.હિરાણી, ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખા/અધ્યક્ષશ્રી |
| ૫ | ડૉ.એમ.જી.ઠકકર, ડીનશ્રી,વિજ્ઞાન વિદ્યાશાખા/અધ્યક્ષશ્રી |
| ૬ | ડૉ. દર્શનાબેન ધોળકીયા, અધ્યક્ષશ્રી ગુજરાતી વિભાગ |
| ૭ | ડૉ. પી.એન.દવે, અધ્યક્ષશ્રી રસાયણ વિભાગ |
| ૮ | પ્રો. નવલકિશોર શર્મા, અધ્યક્ષશ્રી અંગ્રેજી વિભાગ |
| ૯ | પ્રો. ચિરાગ પટેલ, અધ્યક્ષશ્રી સમાજકાર્ય વિભાગ |
| ૧૦ | પ્રો. દેવજી છાંગા, અધ્યક્ષશ્રી કલમ્પ્યુટર વિભાગ |
| ૧૧ | ડૉ. રાજેન્દ્ર શાહ, ઈ.સી.મેમ્બર |
| ૧૨ | શ્રી ત્રિકમભાઈ છાંગા, ઈ.સી.મેમ્બર |
| ૧૩ | શ્રી નવલસિંહ જાડેજા , ઈ.સી.મેમ્બર |
| ૧૪ | ડૉ. એમ.જી.ઠકકર, કુલસચિવશ્રી |
| ૧૫ | શિતલબેન બાટી સભ્યશ્રી/ ઓ.એસ.ડી.શ્રી. |
| ૧૬ | ડૉ.હર્ષદ નિર્મલ મેમ્બર સેક્રેટરી |

(૨) IQAC ની રચના :

**ઠરાવ : ૧૧ :** યુનિવર્સિટીની ઈન્ટર્નલ કવોલિટી એસ્યોરન્સ સેલ (IQAC) ની રચના કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામા આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | ડૉ.એમ.જી.ઠકકર, ડીનશ્રી,વિજ્ઞાન વિદ્યાશાખા/અધ્યક્ષશ્રી | –ચેરમેનશ્રી |
| ૨ | ડૉ. દર્શનાબેન ધોળકીયા, અધ્યક્ષશ્રી ગુજરાતી વિભાગ | –સભ્યશ્રી |
| ૩ | ડૉ. પી.એસ.હિરાણી, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ | –સભ્યશ્રી |
| ૪ | ડૉ.બી.એસ.પટેલ, અધ્યક્ષ એજયુકેશન વિભાગ | –સભ્યશ્રી |
| ૫ | ડૉ. નવલકિશોર શર્મા, અધ્યક્ષશ્રી અંગ્રેજી વિભાગ | –સભ્યશ્રી |
| ૬ | ડૉ. પી.એન.દવે, અધ્યક્ષ – કેમેસ્ટ્રી વિભાગ | –સભ્યશ્રી |
| ૭ | ડૉ. કે.એમ.ત્રિવેદી અધ્યક્ષ – સંસ્કૃત વિભાગ | –સભ્યશ્રી |
| ૮ | ડૉ. સુરેશ પરડવા અધ્યક્ષ – અર્થશાસ્ત્ર વિભાગ | –સભ્યશ્રી |
| ૯ | શ્રી ચિરાગ પટેલ અધ્યક્ષ – એમ.એસ.ડબલ્યુ વિભાગ | –સભ્યશ્રી |
| ૧૦ | શ્રી મહેશ મુલાણી વ્યાખ્યાતા – કોમ્પ્યુટર સાયન્સ વિભાગ | –સભ્યશ્રી |
| ૧૧ | ડૉ. સુભાષ ભંડારી અધ્યક્ષ – આર્કિયોલોજી વિભાગ | –સભ્યશ્રી |

પાના નંબર : ૬ : પર ચાલુ..

(૩) **વર્તમાનપત્રમાં આપવામાં આવેલ અહેવાલ સંબંધે યોગ્ય ખૂલાસા મેળવવા બાબત :**

ગત તારીખ ૨૨મી/૨૩મી જાન્યુઆરી ૨૦૧૫નાં રોજ એક સાંજય દૈનિક વર્તમાનપત્રમાં પ્રસ્ધિધ થયેલ સમાચારમાં સ્પષ્ટ આક્ષેપ કરતા દર્શાવવામાં આવેલ હતું કે, યુનિવર્સિટી દ્વારા યોજાતી પરીક્ષાઓમા થતી ગેરરીતી સંબંધિત કેસોના નિકાલ માટે નિમાવામાં આવતી પરિક્ષા શુધ્ધિ સમિતિની કાર્યવાહીમાં ઈ.સી.સભ્ય દ્વારા અંગત રીતે રસ લઈ સમિતિ કાર્યવાહી પર દબાણ લાવીને કેસનાં નિકાલની કામગીરીમા વિક્ષેપ ઉભો કરવામાં આવેલ છે.

આ ઈ.સી.સભ્ય સમિતિમાં કોઈ પણ પદ ધરાવતા નથી તથા સદર બાબત સંપૂણ પણે ખોટી હોઈ, એકિઝકયૂટીવ કાઉન્સિલના એક જવાબદાર સભ્યશ્રી તરીકેની તેઓની તથા યુનિવર્સિટીની છાપને ખરડવા માટે આવા બાબત યોગ્ય ગણી શકાય નહી માટે સદર બાબતે સંબંધિત સાંજય દૈનિક વર્તમાનપત્રનાં સંચાલકો પાસેથી તેઓ પ્રસ્ધિધ કરેલ આ સમાચાર અન્વયેના આધાર –પૂરાવાઓ મેળવવા તથા જો યોગ્ય આધાર –પૂરાવાઓ રજૂ ન કરી શકે કે ખોટા સાબિત થાય તો, યોગ્ય કાયદેસરની કાર્યવાહી હાથ ધરવી આવશ્યક બને છે જેથી ભવિષ્યમાં યુનિવર્સિટી તથા તેના પદાધિકારીઓ કે સંબધિતોની પ્રતિષ્ઠા, મોભા કે માન સન્માનને હાનિ ન પહોંચેતે હેતુને મધ્યે નજર રાખી ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૨ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંબંધે રોજ –બ –રોજ પ્રકાશિત થતી અને ગેરમાર્ગે દોરતી કે, યુનિવર્સિટી અને તેના પદાધિકારીઓની પ્રતિષ્ઠાને હાની પહોંચાડતી આવી પ્રવૃતિ/ સમાચારો પર રોક લગાવવા માટે સંબંધિત સાંજય દૈનિક 'કચ્છઉદય''નાં સંચાલકો પાસેથી સંબંધિત વિગતે યોગ્ય આધારા –પૂરાવા મેળવવા અને જો આધારા –પૂરાવા રજૂ ન કરી શકે કે યોગ્ય રજૂઆત ન થાય તો યોગ્ય કાયદેસરની કાર્યવાહી હાથ ધરવી.**

(૪) **M.Sc. કેમેસ્ટ્રીના પ્રવેશ માટે આગામી વર્ષથી એન્ટરન્સ ટેસ્ટ લેવાનો M.Sc. કેમેસ્ટ્રી વિભાગના HOD એ પ્રસ્તાવ રજૂ કર્યો તે અંગે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.**

**ઠરાવ : ૧૩ :** **આગામી શૈક્ષણિક વર્ષથી M.Sc. Chemistry માં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા લેવાનું સર્વાનુમતે ઠરાવવામા આવે છે. જેનાં ધારાધોરણો અને વ્યવસ્થા ડીન વિજ્ઞાન અને HOD કરશે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

કાર્ય. કુલસચિવ
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ

ઈ/ચા.કુલસચિવશ્રી
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.